ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં દિવસના ઉકળાટ બાદ સાંજે વાતાવરણ પલ્ટો : વરસાદી છાંટણા પડ્યા

## બે સપ્તાહના લાંબા વિરામ બાદ આકાશી નઝારો ફરી નિખર્યો : સાંજે વરસાદી વાયરા વચ્ચે મોસમનો મિજાજ બદલાયો થોડીવાર માટે ઠંડક પ્રવર્તી : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધ્યુ

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં આજે બે સપ્તાહના અંતે આકાશી નઝારો બદલાયો હતો. દિવસના તાપ અને ઉકળાટ બાદ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. વરસાદી વાયરા વચ્ચે છાંટણા વરસતા ભીની માટીની મહેંક વચ્ચે વાતારણમાં ઠંડક પ્રસરી હતી. શહેરમાં વરસાદી ભીંજારા બાદ ઉકળાટનુ પ્રમાણ યથાવત રહ્યુ હતુ જયારે સવારે અને સાંજે ભેજના



પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. સપ્ટેમ્બર મહીનામાં આમ પણ હળવા ભારે વરસાદી ઝાપટા વરસવાની સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. ત્યારે આજથી જ તેની અસર જોવા મળી હતી. તપતા ભાદરવે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ તફાવત વધ્યો છે.

શહેરમાં છેલ્લા બે સપ્તાહના અંતે આજે મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. શહેરમાં છેલ્લા બે સપ્તાહથી વરસાદ અદ્રશ્ય છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વારંવાર મોસમના મિજાજમાં પલ્ટો જોવા મળે છે. પરંતુ ભાદરવામાં આકરા ઉકળાટ વચ્ચે વરસાદનુ જોર ઓછુ થઈ જતા નગરજનો હવે ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. શહેરમાં સતત વરસાદના લીધે છેલ્લા બે મહીનાથી ભીંજારાનો માહોલ જોવા મળતો હતો જયારે વરસાદના લાંબા વિરામ બાદ આજે દિવસના આકરા તાપ અને ગરમીના અંતે અચાનક જ સાંજના સમયે વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે સાંજે વરસાદી છાંટણાથી વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ સર્જાયો હતો પરંતુ વરસાદ ધોધમાર વરસ્યો ન હતો બે સપ્તાહના અંતે મેઘરાજા હાજરી પુરાવી અદ્રશ્ય થઈ ગયા હતા. ગત શ્રાવણ મહીનામાં પણ અલપ ઝલપ ઝાપટા વરસાવી જતા વરસાદના મંદ મિજાજના અંતે

● અનુસંધાન પાન-૭ પર

# મતદાર જાગૃત્તિ અભિયાન માટે ૭ ઔદ્યોગિક વસાહતો સાથે એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા. ૮

રાજયમાં આગામી દિવસોમાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાર જાગૃત્તિ તેમજ મતદાર નોંધણી અને સક્ષિપ્ત સુધારણા ઝુંબેશને લઈ જિલ્લાની સાત ઔદ્યોગિક વસાહતોના સંચાલકો સાથે જિલ્લાતંત્ર દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.



જિલ્લામાં મતદાર નોંધણી અને સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ માટે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને કોઈ નોંધણીથી વંચિત રહે નહિ તે માટે તંત્રએ હવે આ દિશામાં તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

આ રવિવારે જિલ્લામાં આખરી સઘન ઝુંબેશ અભિયાનનો દિવસ છે. જિલ્લા તંત્રએ દહેગામ, ગાંધીનગર, માણસા અને કલોલની ઔદ્યોગિક મંડળોના આગેવાનો સાથે એમ.ઓ.યુ. કર્યા છે.

જિલ્લામાં મતદાર નોંધણી માટે ગયા રવિવાર સુધીમાં ફોર્મ નં. ૬, ૭, ૮ ના ૯૩ હજારથી વધુ ફોર્મ મળ્યા છે. જિલ્લામાં વસ્તીના પ્રોજેકશન સામે ૧૮ થી ૧૯ વર્ષના મતદારોની નોંધણી પ્રમાણમાં ઓછી હોવાથી તંત્રએ ગઈ ગત રવિવારે પણ ખાસ અભિયાન છેડ્યુ હતુ. માણસા-કલોલમાં આ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. ગાંધીનગર(ઉ)માં સૌથી નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો તેથી તંત્રની ચિંતા વધી છે.

દરમ્યાન તંત્રએ મતદાર જાગૃત્તિ અભિયાનને પણ વેગીલુ બનાવવા પર તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જિલ્લાની વિવિધ શાળાઓમાં બાળ સંસદ, મતદાર જાગૃત્તિ રેલી, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા સહિતની જુદી જુદી ૨૧ જેટલી પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ હતુ. આ માટે ઓગષ્ટ માસ દરમ્યાન જિલ્લાની ૧૫થી વધુ શાળાઓમાં કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ હવે તંત્રએ તેનુ સંપૂર્ણ ધ્યાન આના ઉપર કેન્દ્રીત કર્યુ છે. અધિકારીઓ પણ વિવિધ ચૂંટણી વિષયક કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

# શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં સફાઈ કામ શરૂ કરાયુ

## વરસાદી દિવસોમાં બિનજરૂરી વનસ્પિત અને ઘાસ ઉગી નિકળતા હાલ ક્રોસ પોઇન્ટ પર વાહનચાલકોને વિઝન મળતુ નથી : વન આરક્ષિત વિસ્તારમાં પણ ગંદકી અને દબાણનો અડ્ડો

ગાંધીનગર તા ૮

શહેરમાં વરસાદી દિવસોના અંતે ઠેર ઠેર હરિયાળી જોવા મળે છે. પરંતુ શહેરના રહેણાંક વિસ્તાર નજીક સ્થિત આસપાસ બિનજરૂરી વનસ્પિત તેમજ ઘાસ ઉગી નિકળતા જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જયારે વન આરક્ષિત વિસ્તાર સહીત શહેરના મુખ્યમાર્ગો વચાળે સેન્ટ્રલ વર્જમાં પણ વરસાદી દિવસોના અંતે ગંદકી જોવા મળી રહી છે. જેને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સેન્ટ્રલ વર્જની સફાઈ હાથ ધરવામાં આવી છે. સેન્ટ્રલ વર્જમાં હાલ ફુલછોડના રોપાઓ પણ વધી જતા વાહનચાલકોને દુરથી વિઝન મળતુ નથી જેના લીધે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ છે. આ સ્થિતિને અનુલક્ષીને નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જની સફાઈ શરૂ કરી દેવામાં આવી છે.

શહેરમાં લાંબા સમયથી વન આરક્ષિત વિસ્તારની સફાઈ કરવામાં આવી નથી જયારે તુટેલી ફેન્સીંગના લીધે વન આરક્ષિત વિસ્તારમાં દબાણો અને રખડતા ઢોરની સમસ્યા પણ પેચીદી બની છે. જયારે વરસાદી દિવસોના અંતે બિનજરૂરી ઘાસ અને વનસ્પિત ઉગી નિકળતા રહેણાંક નજીક સ્થિત વન વિસ્તારના લીધે સ્થાનિકોને પણ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. જયારે વન આરક્ષિત વિસ્તાર સહીત શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની પણ સફાઈ થઈ નથી. વરસાદી દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સે. ૮ અને ૧૨માંથી કોરોનાના કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે માત્ર બે કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા સાત દિવસ બાદ આજે એક પણ કેસ નોંધાયો નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૧-૮-૨૨ના રોજ શૂન્ય કેસ નોંધાયો હતો. જિલ્લામાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે. શહેરમાં ૪ દર્દી અને ગ્રામ્યમાં ૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો છે.

ગાંધીનગર શહેરમાં બે કેસ નોંધાયા છે. સે. ૧૨માં ૨૫ વર્ષીય મહિલા અને સે. ૮માં ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેર-જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે. વેક્સિનેશન અભિયાન વધુ સઘન બનાવવા પર ભાર મુકવામાં આવેલ છે.

# શહેરમાં સ્વાઈન ફલુના વધુ ૩ કેસ નોંધાયા : કુલ ૭૧ કેસ

## કુડાસણ-ખોરજ અને સે. ૮માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૭૧ પર પહોંચી છે.

શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા સતત વધી રહી છે અને તેમાં પણ મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીઓ છે. આજે નોંધાયેલા ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ ચિંતીત બનેલ તંત્રએ પણ લોકોને સતર્કતા સાથે સાવચેત રહેવા અપીલ કરી છે.

આજે નોંધાયેલા કેસમાં બે કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે જ્યારે એક કેસ સેક્ટરમાં નોંધાયો છે. સ્વાઈન ફલુમાં હોસ્પિટલાઈઝેશન છે પરંતુ રિકવરી રેટ પણ સારો હોવાનો તંત્રએ દાવો કર્યો છે. શહેરમાં સ્વાઈન ફલુની સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયુ છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં કુડાસણ ગામેથી ૩૨ વર્ષીય મહિલાનો તેમજ ખોરજ ગામેથી ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત સે. ૮માંથી ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાલા પ્રોજેક્ટમાં જમીન સંપાદનના વિરોધમાં આવેદનપત્ર

## પ્રોજેક્ટની જમીન સંપાદનમાં બિલ્ડરની જમીન બચાવવાનો અધિકારીઓ સાથે મેળાપીપણાનો પણ આક્ષેપ : સી.જે. ચાવડા

ગાંધીનગર, તા. ૮

ભારતમાલા પ્રોજેકટમાં જમીન સંપાદન માટે બે તાલુકાના જાહેર થયેલા જાહેરનામા સામે વિરોધ નોંધાવવા માટે કોંગ્રેસના ધારાસભ્ય અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે. ચાવડાના નેતૃત્વમાં આજે ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ છે.

ગાંધીનગર તાલુકાના ૨૦૦થી વધુ ખેડૂતોની આ પ્રોજેક્ટમાં જમીન સંપાદન થવાની છે. ખેડૂતો દ્વારા આ સામે ગામે ગામ બેઠકો યોજવામાં આવી રહી છે અને જરૂર પડ્યે આક્રમક લડતના મંડાણ કરવાના સંકલ્પો જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ખેડૂતો વતી આજે આપવામાં આવેલ આવેદનપત્રમાં ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ છે કે ૨૦૦ સર્વે નંબરોની ૭૦૦ થી ૮૦૦ વિઘા કિંમતી જમીન સંપાદન કરવામાં આવનાર છે. ખેડૂતોના જીવનનિર્વાહ માટે ખેતી એક જ આવક હોવાથી ખેડૂતો નિરાધાર બનશે. ખેડૂતોના હિતમાં આપે તેમનો પક્ષ લઈ સરકારમાં સંપાદનની આ પ્રક્રિયામાં કિંમતી જમીન બચાવવાના પ્રયત્નો અને નિર્ણયની દિશામાં કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

તેમણે આ આવેદનપત્રમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે મોટા બિલ્ડરની જગ્યા બચાવવા માટે ભૂતકાળમાં આ ૮ અન્ય જગ્યાએ જવાનો હતો પરંતુ તે ખસેડીને અધિકારીઓના મેળાપીપળામાં નિર્દોષ ખેડૂતોને ભોગ બનાવવામાં આવ્યા છે.

એક પીંપળજ ગામના જ ૨૦૦ સર્વે નંબર છે. જે ભવિષ્યમાં ગાંધીનગર મનપામાં ભળશે ત્યારે સંપાદિત થનાર જમીન પર આઠડો પડવાને કારણે ખુબ જ મોટા ક્ષેત્રફળમાં જમીન સંપાદન થઈ રહી છે તે ખેડૂતોને અન્યાયકર્તા છે.

જિલ્લામાં ભારતમાલાનો પ્રોજેક્ટને લઈ ઠેર ઠેર વિરોધ ઉઠી રહ્યો છે. એક તરફ ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરતી ભાજપની સરકાર ખેડૂતોને નિરાધાર બનાવવાના જે પગલા ભરી રહી છે તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ તેમ પણ ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ.

# બાપુ કોલેજ ખાતે ઉત્તર વિભાગના યુવક મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૦૮

ગાંધીનગરના વાસન ખાતે આગામી તા.૧૩ અને ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટીના એલિસબ્રિજ ઉત્તર વિભાગનો "યુવક મહોત્સવ - ૨૦૨૨" ઉજવાશે.

આ મહોત્સવનો શુભારંભ તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવશે જેમાં કાર્યક્રમના અધ્યક્ષ પદે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. હિમાંશુભાઈ પંડ્યા અને જાણીતા હાસ્ય કલાકાર, ચિંતક અને વક્તા ડૉ.જગદીશ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. બે દિવસ ચાલનારા આ મહોત્સવમાં ગુજરાત યુનિવર્સિટીના ઉત્તર વિભાગની ૮૨ કોલેજોના આશરે ૧૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓ કુલ ૩૨ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

# શહેરના સરકારી આવાસોમાં ધાબાની સીડી ઉપરનો જોખમી સ્લેબ પણ તોડવાનુ કામ શરૂ

## કેટલાક આવાસોમાં આ સ્લેબમાં મોટી તિરાડો હોવાનુ ધ્યાને આવતા સ્લેબ તોડી પતરાના શેડ નાંખવામાં આવશે

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે કેટલાક આવાસોનુ રીનોવેશન પણ કરવામા આવી રહ્યુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોમાં ધાબા પરની સીડીને અનુલક્ષી માથે સ્થિત સ્લેબમાં પણ મોટી તિરાડો અસ્તિત્વમાં આવી છે. જયારે કેટલાક મકાનોમાં સર્વેના અંતે આ જોખમી સ્લેબ તોડવામાં આવી રહ્યા છે. જેના ઠેકાણે પતરાના શેડ તૈયાર કરી લગાવી દેવાશે જેના લીધે ભયજનક સ્થિતિ નિવારી શકાય

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા તબક્કાવાર જુના અને જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે જો કે આવાસો તોડવાની કામગીરી સંદર્ભે મંજુરીની પ્રકીયા પણ મંદ ગતિએ આગળ વધતી હોવાથી આવાસો તોડવાનુ કામ પણ ધીમી ગતિએ છે. ત્યારે સેકટરોમાં નવા આવાસો બાંધવાની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવતી



નથી. એકબાજુ જે આવાસોની સ્થિતિ પ્રમાણમાં કાંઈક સારી છે તેવા મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. પરંતુ શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના રહેણાંક મકાનો પૈકી મોટાભાગના ખંડેર હાલતમાં જોવા મળે છે. વરસાદી દિવસોમાં છતમાંથી પોપડા ખરવા કે દિવાલોમાંથી ભેજ ઉતરવાની ફરિયાદો સ્થાનિક રહીશો માટે પ્રબળ રોષનુ કારણ બની છે. આવાસોમાં રહેતા પરિવારોની ફરિયાદોનો પણ ત્વરિત નિકાલ આવતો નથી. જયારે છતમાંથી પોપડા પડવાની સમસ્યા ડામવામાં પ્લાસ્ટર પણ દિવાલ પર ટકતુ ન હોવાથી આ પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. ચોમાસાને અનુલક્ષીને તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈન તેમજ ધાબા સફાઈ પણ હાથ ધરવામાં આવી હતી જો કે હાલ પણ વરસાદી દિવસોમાં આવાસમાં રહેતા પરિવારો અનેક પ્રકારની ફરિયાદોથી પ્રભાવિત છે. શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત સરકારી આવાસો સાડા ચાર દાયકાઓથી પણ જુના છે. જેના લીધે આ મકાનો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. એકબાજુ જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે બીજીતરફ જોખમી મકાનો પણ તબક્કાવાર ખાલી કરાવામાં આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે આવાસોમાં ધાબાની બાજુએ ઘણાં મકાનોમા સ્લેબ જોખમી હાલતમાં હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. સરકારી આવાસોના

● અનુસંધાન પાન-૭ પર

## PUBLICATION

**CNR No. MHLC040002932014**
**Adv. K. L. Rathod**
Summons for Disposal of AppIn. (Rule-23),
W. C. Rules (1924 Claim Rs.

IN THE COURT OF THE COMMISSIONER FOR EMPLOYEES' COMPENSATION IN THE IV" LABOUR COURT AT THANE.
**BEFORE SHRI. A. R. SOLAPURE, JUDGE**
COMMISSIONER FOR EMPLOYEE'S COMPENSATION.
**APPLI. (WCA) No.116/B-27/2014**

Mr. Chanduprasad @ Chandrika @ Chaduprasad @ Chadur Baladev Yadav and other 3 ... Applicant/s

**V/s.**

Mr. Pramodkumar Ramji Gap and Ins. ... Opponent/s

**NOTICE**

WHEREAS, the above named applicant has presented an application in this Court against you for compensation in respect of the injuries received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application. you are hereby summoned to appear in this Court, in person or by a pleader or any other person duly authorized in writing and able to answer all material questions relating to the application of who shall be accompanied by some other person able to answer all such questions on **Dt. 6/10/2022 at 11.00 A.M.** to answer the claim: and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to rely in support of your defense. Under rule 27 of the Employees' Compensation Rules, 1923, you are hereby required to file written statement IN DUPLICATE on or before **Dt. 6/10/2022.**

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

**No. 5037**
**Office of the Labour Court**
Office Complex M.LD.C. Bldg.,
2nd & 3rd Floor, Mulund Check Naka,
Thane(W) - 400 604.
Dt. 3-9-2022
AMK-20/08-U-10

**By Order,**
**Sd/-**
**I/c Secretary,**
**Labour Court, Thane.**

# સરકારી ગાડીના ૩૨૨૦ લીટર પેટ્રોલનો બારોબાર વહીવટ કરનાર બે ડ્રાઈવર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સચિવાલય ખાતે આવેલી સરકારી કચેરીઓમાં ઉચ્ચ અધિકારીઓને ફાળવવા આવેલી ઈનોવા ગાડીમાં પેટ્રોલ નહી ભરાવી તે પેટ્રોલ અન્ય ખાનગી વાહનમાં ભરાવી પેટ્રોલ કાર્ડનો દુરૂપયોગ કરી બે ડ્રાઈવરોએ કુલ ૩૨૨૦ લીટર પેટ્રોલના બીલ રજુ કરી રૂ.૩.૧૩ લાખની ઉચાપત કરતા નાયબ કાર્યપાલક ઈજનેરે આઉટસોર્સિંગના બે ડ્રાઈવર સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરકારી વાહનપુલ દ્વારા સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને સરકારી ઈનોવા ફાળવવામાં આવી હતી. જેમાં વાહનપુલ કચેરીથી નર્મદા પુનઃવસવાટ ને સરકારી ઈનોવા નં. જી.જે.૧૮.જી.બી.૩૫૫૫ ફાળવણી કરવામાં આવી હતી. ત્યારે આ ગાડી પર આઉટસોર્સિંગના ડ્રાઈવર તરીકે તા.૧-૧૧-૨૧ તી તા.૨૩-૮-૨૨ સુધી કનુભાઈ રબારી (રહે વાવોલ) નોકરી કરતા હતા તેમજ લોકબુક મુજબ અન્ય એક ડ્રાઈવર હિતેશ સોંલંકી ફરજ બજાવે છે. જયારે કચેરી દ્વારા ગાડીમાં પેટ્રોલ ભરાવવા માટે સેકટર-૧૬ ખાતે નરનારાયણ પેટ્રોલ પંપ નિયત કર્યો હતો. પેટ્રોલ ભરાવવા માટેના કાર્ડ પણ આપ્યા હતા. કચેરીના અધિક મુખ્ય સચિવને ડ્રાઈવરની પેટ્રોલ પુરાવવાની કામગીરી અંગે શંકા જતા અન્ય કર્મચારી પાસે બિલોની ચકાસણી કરાવી હતી. જેથી સરકારી ગાડીની જગ્યાએ ખાનગી વાહનમાં પેટ્રોલ પુરુ હોવાની વિગતો સામે આવી હતી.જયારે વડોદરા,આણંદ, કેવડીયા, ભરુચ અને સુરત સહિતના સ્થળોએ મુસાફરી કરી ન હોવા છતા મુસાફરી દર્શાવી વાહનપુલમાંથી એડવાન્સ રૂપીયા પેટ્રોલ માટે લીધા હતા.જયારે પેટ્રોલ પંપના બોગસ અને બનાવટી બિલો બનાવી કચેરીમાં સાચા તરીકે રજુ કરી કુલ ૩૨૨૦ લીટર પેટ્રોલ ની કિં.૩.૧૩ લાખ સરકારી રૂપીયાની ઉચાપત કરી વિશ્વાસ અને છેતરપિંડી કરનાર આઉટસોર્સિંગના બે ડ્રાઈવરો સામે ફરીયાદ નોંધાઈ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com